# ભારતની અગ્રણી સંકલિત મલ્ટીમોડેલ લોજિસ્ટિક્સ સર્વિસ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ટીસીઆઈ)એ FY૨૩માં રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કર્યુ

રાજકોટ,ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. ("TCI")એ આજે ઘોષણા કરી હતી કે તે આગામી નાણાકીય વર્ષ એટલે કે FY૨૩ માટે આશરે રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કરી રહી છે. કુલ કેપેક્સ (મૂડી ખર્ચ)માંથી, કંપની જહાજો અને કન્ટેનર પર રૂ. ૧૦૦-૧૨૫ કરોડનો ખર્ચ કરશે. TCI આવકમાં લગભગ ૧૨-૧૫ ટકા વૃદ્ધિ અને નફામાં ૨૦ ટકા વૃદ્ધિ જોઈ રહી છે. કેપેક્સ યોજનાઓ પર ટિપ્પણી કરતા, TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમે આગામી નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૨૫૦ કરોડના કેપેક્સની અપેક્ષા રાખીએ છીએ. આમાંથી, આશરે રૂ. ૧૦૦-૧૨૫ કરોડ જહાજો અને કન્ટેનર પાછળ ખર્ચવામાં આવશે અને, અલબત્ત, અમુક રકમ - જેમ કે રૂ. ૩૦-૫૦ કરોડ - ટ્રકો માટે ખર્ચવામાં આવશે. તે પછી, અમે વેરહાઉસ બનાવવા પર પણ ખર્ચ કરીશું. જે લગભગ રૂ. ૭૫ કરોડનો ખર્ચ થશે. જ્યારે તમે મલ્ટીમોડેલ એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વૃદ્ધિ જુઓ છો, ત્યારે અમારા રેલ વ્યવસાય અથવા દરિયાઈ માર્ગના વ્યવસાયને તેમાં અવકાશ મળવો જોઈએ. અમે ગ્રાહકોની માંગ બદલાતી જોઈ રહ્યા છીએ. સામાન્ય કાર્ગો હિલચાલ કોઈપણ રીતે થઈ રહી છે. અમારો ફ્રેઈટ બિઝનેસ પણ ત્યાં પ્રમાણમાં સારો ચાલે છે. તેથી, આ બધાનો અર્થ એ છે કે અમે બજારમાં આવી રહેલી વૃદ્ધિને મેળવવા માટે ખૂબ સારી સ્થિતિમાં છીએ." શ્રી અગ્રવાલે એ પણ ઉલ્લેખ કર્યો કે વડાપ્રધાનની ગતિ શક્તિ પહેલ એ એક ચાવીરૂપ કાર્યક્રમ છે કારણ કે તેનો એક ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવાનો છે, જે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશનમાં પરિવર્તન આવશે તો જ થશે. "આગામી વર્ષ માટે, અમે આવક લગભગ ૧૨-૧૫ ટકાના વધારાને જોઈ રહ્યા છીએ અને કદાચ ૨૦ ટકા (વૃદ્ધિ) નફામાં થશે. તેથી, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવા માટે મલ્ટિમોડલમાં પરિવર્તન થવુ જોઈએ. ભારતના મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણની આસપાસ થઈ રહેલા તમામ પ્રયાસો અને પ્રવૃત્તિને સમન્વયિત કરવા માટે આ કાર્યક્રમ અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. મલ્ટિમોડલનો અર્થ એ છે કે તમે પરિવહનના વિવિધ મોડ્સ વચ્ચે એકીકૃત રીતે આગળ વધી શકો છો. આ લોજિસ્ટિક્સ પ્રદાતા તેમજ ગ્રાહક માટે અંતરાયમુક્ત હોવું જોઈએ. એવો અંદાજ છે કે આગામી ૫-૧૦ વર્ષોમાં, વિદ્યુતીકરણ, જે હાલમાં છેલ્લા તબક્કામાં છે અથવા શહેર સ્તરે છે તે વધશે. બળતણના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ - જેમ કે CNG, LNG અને આખરે હાઈડ્રોજનમાં વધારો થશે. સપ્લાય ચેઇન સેગમેન્ટમાં ભારતને મુખ્ય ખેલાડી બનાવવાની દિશામાં TCIની નવી પહેલ સાથે, કંપની બિઝનેસ અને ગ્રાહકો માટે લોજિસ્ટિક્સમાં વૈવિધ્ય લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.